## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(એલ) તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ હેઠળનું જાહેરનામું

નં.એમએજી/વશી-૨૨૬૮-૨૨૮૩/૨૦૨૦
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ડાંગ
તા.૨૦/૦૪/૨૦૨૦

વંચાણમાં લીધું :

(૧) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૨૦ ના હુકમ No.40-3/2020-DM-1(A)

(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જીજી/૨૩/૨૦૨૦/વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૪/૦૪/૨૦૨૦

(3) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : નં.એમએજી/વશી/૧૧૪૨-૧૧૬૭/૨૦૨૦ તા.૧૪/૦૪/૨૦૨૦

(૪) સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર ક્રમાંક :એમઆઇએસ-૧૧૨૦૨૦-જીઓઆઇ-૧૦-ગ તા.૧૫/૦૪/૨૦૨૦

(૫) સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર ક્રમાંક :એમઆઇએસ-૧૧૨૦૨૦-જીઓઆઇ-૧૦-ગ તા.૧૯/૦૪/૨૦૨૦

### // જાહેરનામું //

વિશ્વભરમાં પ્રસરેલ નોવેલ કોરોના વાઇરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. નોવેલ કોરોના વાઇરસ COVID-19 ને ફેલાતો અટકાવવા ભારત સરકારના તા.૨૪/03/૨૦૨૦ તેમજ ગુજરાત સરકારના તા.૨૫/03/૨૦૨૦ ના જાહેરનામા અન્વયે તા.૧૪-૦૪-૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને નોવેલ કોરોના વાઇરસ COVID-19ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે જિલ્લામાં લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાઇરસને ફેલાતો અટકાવવા અત્રેનાં જાહેરનામાથી સમગ્ર જીલ્લામાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૪/૦૪/૨૦૨૦ મધ્યરાત્રી સુધી બંધ રાખવા ફરમાવેલ.

દેશના કેટલાક વિસ્તારોમાં COVID-19 ના કેસો તપાસ દરમ્યાન બહાર આવી રહેલ છે તેની અસરોને નિયંત્રિત કરવા માટે આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.03/૦૫/૨૦૨૦ સુધી મોકુફ રાખવા કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે. ગુજરાત

સરકારના ગૃહ વિભાગના તા.૧૪/૦૪/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક :જીજી/૨૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/ ૪૮૨ થી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫/૦૪/૨૦૨૦ ના ૦૦-૦૦ કલાક થી તા.૦૩/૦૫/૨૦૨૦ ના ૨૪-૦૦ કલાક સુધી બંધ રાખવા જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને આમુખ (૩) ના જાહેરનામાથી અત્રેના જિલ્લામાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયનાં આમુખ (૧) ના જાહેરનામાથી લોકડાઉન અંગેની વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે જેના પારા-૩ માં તા.૨૦/૦૪/૨૦૨૦ ની અસરથી પ્રજાની હાડમારી ઓછી કરવા માટે કેટલીક વધારાની પ્રવૃતિઓને મંજુરી આપવાનું જણાવેલ છે. આમુખ (૪) માં જણાવેલ વિગતે તા.૨૦/૦૪/૨૦૨૦ થી કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં છુટછાટ આપવા અંગે સરકારશ્રી દ્વારા માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

વાસ્તે હું એન.કે.ડામોર, (આઇ.એ.એસ) જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ , ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ અને ૩૭ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના હદ વિસ્તારમાં જાહેર હિત ધ્યાને લેતા પ્રજાને વધુ હાડમારી ભોગવવી ન પડે તે હેતુસર નીચે મુજબની છુટછાટ આપવા ફરમાવું છું.

// સમયગાળો //

આ હુકમ તા.૨૦/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

// પરવાનગીપાત્ર પ્રવૃતિઓ //

૧. તમામ આરોગ્ય સેવાઓ (આયુષ સહિત) કાર્યરત રહેશે જેમ કે,

(૧) હોસ્પિટલ, નર્સિંગ હોમ્સ, કલીનીકસ, ટેલિમેડીસીન સુવિધાઓ

(૨) દવાખાના, કેમીસ્ટ, ફાર્મસી, જન ઔષધિ કેન્દ્ર સહિતની તમામ દવાની દુકાનો અને તબીબી ઉપકરણોની દુકાનો

(૩) તબીબી પ્રયોગશાળાઓ અને સંગ્રહ કેન્દ્રો

(૪) COVID 19 સંબંધિત સંશોધન હાથ ધરી રહેલી ફાર્માસ્યુટીકલ અને તબીબી સંશોધન પ્રયોગશાળાઓ/સંસ્થાઓ

(૫) પશુ ચિકીત્સા હોસ્પિટલો, દવાખાના, કલીનીક, પેથોલોજી લેબ, રસી અને દવાઓના વેચાણ અને પુરવઠા

(૬) અધિકૃત ખાનગી સંસ્થાઓ કે જે આવશ્યક સેવાઓની જોગવાઇમાં સહાય કરતી હોય અથવા COVID 19 ને અટકાવવા માટે પ્રયત્નશીલ હોય, જેમાં ઘરસંભાળ પુરી પાડનારા, રોગનિદાન કરનારા, હોસ્પિટલમાં સેવા આપતી પુરવઠા શ્રૃંખલાની પેઢીઓ(સપ્લાય ચેઇન ફર્મ) નો સમાવેશ થાય છે.

(૭) દવાઓ, ફાર્માસ્યુટીકલ્સ, તબીબી સાધનો, મેડીકલ ઓકસિજનના ઉત્પાદન એકમો, તેમની પેકેજીંગ માલ સામગ્રી, રો મટીરીયલ (કાચી સામગ્રી) અને મધ્યસ્થીઓ

(૮) એમ્બ્યુલન્સના નિર્માતાઓ સહિત તબીબી/આરોગ્ય આંતર માળખાકીય સુવિધાઓનું બાંધકામ

(૯) તમામ તબીબી અને પશુ ચિકિત્સા કર્મચારીઓ, વૈજ્ઞાનિકો, નર્સ, પેરામેડીકલ સ્ટાફ, લેબ ટેકનીશીયન, દાયણ અને અન્ય હોસ્પિટલ સહાય સેવાઓ સહિત એમ્બ્યુલન્સની અવર જવર (આંતર રાજય – રાજય અંતર્ગત, હવાઇ મુસાફરી સહિત)

૨. કૃષિ અને સંબંધિત પ્રવૃતિઓ

(ક) તમામ કૃષિ અને બાગાયતી પ્રવૃતિઓ કાર્યરત રહેશે. જેમ કે,

(૧) ખેતરમાં ખેડુતો અને ખેત કામદારો દ્વારા ખેતીની કામગીરી

(૨) એમ.એસ.પી. ની કામગીરી સહિત કૃષિ પેદાશોની પ્રાપ્તિમાં સંકળાયેલી એજન્સીઓ

(૩) કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા સંચાલિત અથવા રાજય/સંઘ રાજય ક્ષેત્ર દ્વારા જાહેર કરેલી મંડી, ખેડુતો અને ખેડુતોના જુથો, એફ.પી.ઓની, સહકારી મંડળી પાસેથી લઇ રાજય, સંઘ રાજય ક્ષેત્ર અથવા ઉદ્યોગ જગત દ્વારા સીધા વેચાણની કામગીરી, રાજય/સંઘ રાજય ક્ષેત્ર, ગ્રામિણ કક્ષાએ વિકેન્દ્રીકૃત ખરીદ વેચાણ અને પ્રાપ્તિને ઉતેજન આપી શકાશે.

(૪) કૃષિના મશીનો, તેના સ્પેર પાર્ટસ(તેની સપ્લાય ચેઇન સહિત) અને તેની મરામત (રીપેરીંગ) ની દુકાનો ખુલ્લી રહેશે.

(૫) ખેત યંત્ર સામગ્રી (મશીનરી) સબંધિત કસ્ટમ હાઇરીંગ મશીન (CHC)

(૬) ખાતરો, કીટનાશકો અને બિયારણોનું ઉત્પાદન, વિતરણ અને છુટક વેપાર

(૭) કાપણી અને વાવણી સંબંધિત મશીનો જેવા કે, કમ્બાઇન હાર્વેસ્ટર અને બીજા કૃષિ/બાગાયતી સાધનોની (આંતરીક અને આંતર રાજય) હેરફેર

(ખ) મત્સ્યોધોગને લગતી નીચેની પ્રવૃતિઓ કાર્યરત રહેશે.

(૧) ખોરાક અને નિભાવણી, લણણી, પ્રોસેસીંગ, પેકેજીંગ, કોલ્ડ ચેઇન, વેચાણ અને માર્કેટીંગ સહિતના માછીમારી (મરીન અને ઇનલેન્ડ)/જળચર ઉદ્યોગને લગતા કામકાજ

(૨) ઇંડા સેવન ગૃહ, ફીડ પ્લાન્ટસ, વાણિજયીક જળચર ગૃહ

(૩) માછલી/ઝીંગા અને માછલીની બનાવટો, માછલીના સીડ/ખોરાક અને આ તમામ પ્રવૃતિઓ માટે કામદારોની હેરફેર

(ગ) **બગીચાઓ (પ્લાન્ટેશન) ને લગતી નીચેની પ્રવૃતિઓ ચાલુ રાખી શકશે.**

(૧) વધુમાં વધુ ૫૦% કામદારોની મદદથી ચા, કોફી અને રબર પ્લાન્ટેશનની કામગીરી

(૨) વધુમાં વધુ ૫૦% કામદારોની મદદથી ચા, કોફી, રબર અને કાજુના પ્રોસેસીંગ, પેકેજીંગ, વેચાણ અને માર્કેટીંગની કામગીરી

(ઘ) **પશુધનને લગતી નીચેની પ્રવૃતિઓ કાર્યરત રહેશે.**

(૧) દુધ પ્રોસેસ કરતાં પ્લાન્ટોને દુધ અને દુધની બનાવટોના પરિવહન અને સપ્લાય ચેઇન સહિત, સંગ્રહ, પ્રક્રિયા, વિતરણ અને વેચાણ કરવું.

(૨) મરઘા (પોલ્ટ્રી), ફાર્મ્સ અને ઇંડા સેવન ગૃહ અને પશુધન ઉછેર (લાઇવસ્ટોક ફાર્મીંગ) ની પ્રવૃતિ સહિતના પશુધન ફાર્મના કામકાજ

(૩) મકાઇ અને સોયા જેવા કાચા માલના પુરવઠા સહિત પશુદાણના ઉત્પાદનના અને દાણ (ચારો) ના પ્લાન્ટ

(૪) ગૌશાળાઓ સહિત પશુઓનાં આશ્રયગૃહોના કામકાજ

૩. **નાણાકીય ક્ષેત્રને લગતી નીચેની પ્રવૃતિઓ કાર્યરત રહેશે.**

(૧) રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા (RBI) અને RBI દ્વારા નિયમન થતાં નાણાકીય બજાર અને NPCI CCIL, ચુકવણી પધ્ધતિ (પેમેન્ટ સિસ્ટમ) ના ઓપરેટરો જેવી સંસ્થાઓ અને સ્વતંત્ર પ્રાથમિક વેપારીઓ (પ્રયામરી ડીલરો)

(૨) બેંકની શાખાઓ અને એ.ટી.એમ, બેન્કીંગના કામકાજ માટેના આઇ.ટી. ના વિક્રેતાઓ, બેન્કીંગ કો-રીસ્પોન્ડન્ટસ(બી.સી.), એ.ટી.એમ. ના કામકાજ અને રોકડ સંચાલન (કેશ મેનેજમેન્ટ) ની એજન્સીઓ

(ક) ડી.બી.ટી. કેશ ટ્રાન્સફર (રોકડ તબદીલી) ની ચુકવણી પુરી થાય ત્યાં સુધી બેંકની શાખાઓને સામાન્ય કામકાજના કલાકો પ્રમાણે કામ કરવાની પરવાનગી રહેશે.

(ખ) બેંક શાખાઓ/બી.સી. ખાતે સામાજિક અંતર, કાયદો અને વ્યવસ્થા જળવાય અને ખાતા ધારકોનું સંચાલન (મેળાવડો ન થાય તે રીતે) ની વ્યવસ્થા જાળવવા માટે પર્યાપ્ત સુરક્ષા કર્મીઓ પુરા પાડવા જોઇશે.

(૩) સેબી (SEBI) અને સીકયુરીટીઝ અને એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયાએ જાહેર કરેલ કેપીટલ અને ડેબ્ટ માર્કેટ (મુડીગત અને ઋણ બજારો) ની સેવાઓ

(૪) IRDAI વીમા કંપનીઓ

૪. સામાજિક ક્ષેત્રને લગતી નીચેની પ્રવૃતિઓ કાર્યરત રહેશે.

(૧) બાળ, અશકતો, માનસિક અશકતો, સિનીયર સીટીઝન્સ(વયસ્ક વ્યક્તિઓ), અનાથો, મહિલાઓ, વિધવાઓના ગૃહોના કામકાજ

(૨) દેખરેખના ગૃહો, અનુસંભાળ ગૃહો અને બાળકિશોરો માટેની સુરક્ષાના સ્થળો

(૩) વૃધ્ધ/વિધવા/ફ્રીડમ ફાઇટર (સ્વાતંત્રય સેનાનીઓ) પેન્શન વિગેરે, સોશ્યલ સિક્યુરીટી (સામાજિક સુરક્ષા) પેન્શનની ચુકવણી, કર્મચારી પ્રોવિડેન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન (સંસ્થા)(EPFO) દ્વારા પુરી પડાતી પેન્શન અને પ્રોવિડેન્ટ ફંડની સેવાઓ

(૪) આંગણવાડીઓનું કામકાજ-બાળકો, મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓ વિગેરે લાભાર્થીઓને ઘરે ઘરે જઇ પંદર દિવસમાં એક વખત ખાદ્ય વસ્તુઓનું અને ખોરાકનું વિતરણ કરવું. (લાભાર્થીઓએ આંગણવાડીઓએ આવવાનું નથી)

૫. ઓન લાઇન શિક્ષણ/ડિસ્ટન્સ લર્નીંગને પ્રોત્સાહન

(૧) તમામ શૈક્ષણિક સંસ્થાઓ, તાલીમ કોચીંગ સંસ્થાઓ વગેરે બંધ રહેશે.

(૨) તેમ છતાં આ સંસ્થાઓ ઓન લાઇન શિક્ષણ મારફતે શૈક્ષણિક કાર્યક્રમ નિભાવે તે અપેક્ષિત છે.

(૩) દુરદર્શન અને શૈક્ષણિક હેતુઓ માટે અન્ય શૈક્ષણિક ચેનલોનો વધુમાં વધુ ઉપયોગ કરવો.

૬. મનરેગા (MNREGA) નાં કામને પરવાનગી

(૧) સામાજીક અંતર અને ફેસ માસ્કનાં કડક પાલન સાથે મનરેગાનું કામ ચાલુ રહેશે.

(૨) મનરેગા હેઠળ સિંચાઇ અને જળ સંવર્ધનનાં કામોને અગ્રતા આપવામાં આવશે.

(૩) સિંચાઇ અને જળ સંવર્ધનનાં ક્ષેત્રોમાં, અન્ય કેન્દ્રીય અને રાજય ક્ષેત્રની યોજનાઓનો અમલ કરવાની પણ પરવાનગી આપી શકાશે અને મનરેગાના કામ સાથે યોગ્ય રીતે સંકલન કરી શકાશે.

૭. જાહેર ઉપયોગિતાને લગત નીચેની પ્રવૃતિઓ કાર્યરત રહેશે.

(૧) રીફાઇનીંગ, પરિવહન, વિતરણ, સંગ્રહ અને પેટ્રોલ, ડિઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી., પી.એન.જી વગેરે જેવી પેદાશોનું છુટક વેચાણ સહિતના ઓઇલ અને ગેસ સેકટરનાં કામકાજ.

(૨) કેન્દ્ર અને રાજય/સંઘ રાજ્યનાં સ્તરે પાવર જનરેશન (વિજ ઉત્પાદન), ટ્રાન્સમીશન (પ્રવહન) અને વિતરણ

(૩) પોસ્ટ ઓફિસો સહિતની પોસ્ટલ સેવાઓ.

(૪) રાજયો અને સંઘ રાજ્યો માં મ્યુનિસિપલ/સ્થાનિક બોર્ડની કક્ષાએ પાણી, સેનીટેશન વેસ્ટ મેનેજમેન્ટ સેકટરો (આરોગ્ય સબંધી કચરા વ્યવસ્થાપન ક્ષેત્રો) ની ઉપયોગીતાના કામકાજ.

(૫) ટેલીકોમ્યુનિકેશન અને ઇન્ટરનેટ સેવાઓ આપતી ઉપયોગીતાના કામકાજ.

૮. માલ ભરવો/ખાલી કરવો/કાર્ગો હેરફેર (આંતરિક અને આંતર રાજય) ને નીચે મુજબની મંજુરી.

(૧) માલની હેરફેર કરતા તમામ વાહનોની અવર-જવરને મંજુરી આપી શકાશે.

(૨) રેલ્વેનાં કામકાજ - માલ અને પાર્સલ ટ્રેનોનું પરિવહન.

(૩) હવાઇ મથકોના અને કાર્ગો (માલ) હેરફેર, બદલી અને ખસેડવા માટે હવાઇ પરિવહન માટેની સબંધીત સગવડોનાં કામકાજ.

(૪) અધિકૃત કસ્ટમ કલીયરીંગ અને ફોરવર્ડીંગ એજન્ટો સહિત કાર્ગો હેરફેર માટે દરીયા બંદરો અને ઇનલેન્ડ કંટેનર ડેપો (આઇ.સી.ડી.) ના કામકાજ.

(૫) પેટ્રોલીયમ પેદાશો અને એલ.પી.જી., ફુડ પ્રોડકસ (ખાદ્ય પેદાશો), મેડીકલ સપ્લાય, વીજ પુરવઠો સહિતની આવશ્યક ચીજ વસ્તુઓની ક્રોસ લેન્ડ બોર્ડર હેરફેર માટે લેન્ડ પોર્ટસના કામકાજ.

(૬) ડ્રાઇવર માન્ય ડ્રાઇવીંગ લાઇસન્સ ધરાવતો હોવો જોઇશે તે શરતને આધિન રહીને બે ડ્રાઇવરો અને એક હેલ્પર (મદદનીશ) સાથે તમામ ટ્રકો અને અન્ય માલ/કેરીયર (માલ વાહક) વાહનોની હેરફેર/ખાલી ટ્રક/વાહનને માલની ડીલીવરી અથવા માલ લેવા માટે અવર-જવરની મંજુરી રહેશે.

(૭) રાજય સત્તા મંડળે ઠરાવ્યા મુજબનું ઓછામાં ઓછા નિયત અંતર સાથે ટ્રકની મરામત કરવાની દુકાનો અને હાઇવે ઉપરના ઢાબાઓ.

(૮) રેલ્વે, હવાઇ મથકો/એઇર કેરીયર, દરીયાઇ બંદરો/જહાજ/વહાણ, લેન્ડ પોર્ટ અને આઇ.સી.ડી.ઓ. નાં કામકાજ માટેના સ્ટાફ અને કરારીય મજુરોને રેલ્વે, હવાઇ મથકો, દરયાઇ બંદરો, લેન્ડ પોર્ટનાં સબંધિત મુકરર સત્તાધિકારીએ બહાર પાડેલ અધિસૂચના આધારે સ્થાનિક સત્તા મંડળે આપેલ પાસથી અવર-જવરની મંજુરી આપવામાં આવશે.

૯. આવશ્યક ચીજ વસ્તુઓનાં પુરવઠાને છુટ.

(૧) આવશ્યક ચીજવસ્તુઓની સપ્લાય ચેઇનને લગતી તમામ સેવાઓ કે જેમાં આવશ્યક ચીજવસ્તુઓનું ઉત્પાદન, હોલસેલ અથવા રીટેઇલ વેચાણ સાથે સંકળાયેલ તમામ સ્થાનિક દુકાનો, લાર્જ બ્રીક એન્ડ મોર્ટારને દુકાનો ખોલવા તેમજ બંધ કરવા માટેની સમયના બાધ

વગર કાર્યરત રાખવાની પરવાનગી આપી શકશે પરંતુ સોશ્યલ ડિસ્ટન્સીંગનું સખતાઇપુર્વક પાલન કરવાનું રહેશે.

(૨) દુકાનો (આવશ્યક ચીજ વસ્તુઓ કિરાણા અને સિંગલ દુકાન) અને રેશનની (પી.ડી.એસ. હેઠળ) દુકાનો સહિત, કાર્ટ, ફુડ અને ગ્રોસરીનું કામ કરતી (રોજના ઉપયોગ માટે) ની દુકાનો, હાઇજીન વસ્તુઓ, ફળો અને શાકભાજીઓ, ડેરી અને દુધના કેન્દ્રો, પોલ્ટ્રી (મરઘાં ઉછેર), માંસ અને મચ્છી, પશુદાણ અને ઘાસચારો વગેરેની દુકાનોને ખુલવાં અને બંધ થવાના સમયના નિયંત્રણ વિના, કડક સામાજીક અંતરની ખાતરી સાથે છુટ રહેશે.

(૩) જીલ્લા સત્તાધિકારીઓ, વ્યક્તિઓની અવર-જવર તેમના ઘરની બહાર ન્યુનતમ થાય તે માટે હોમ ડીલીવરીને ઉતેજન આપી શકશે અને તેને સુગમ કરી શકાશે.

૧૦. નીચે જણાવેલ વાણિજયક અને ખાનગી સંસ્થાઓને ચાલુ રાખવાની છુટ રહેશે.

(૧) બ્રોડ કાસ્ટીંગ (પ્રસારણ), ડી.ટી.એચ. અને કેબલ સેવાઓ (સર્વીસીસ) સહીતના પ્રિન્ટ અને ઇલેકટ્રોનીક મીડીયા.

(૨) ૫૦ ટકા માણસોથી, આઇ.ટી. અને આઇ.ટી.થી ચાલતી સેવાઓ.

(૩) સરકારી પ્રવૃતિઓ માટે માત્ર ડેટા અને કોલ સેન્ટરો.

(૪) ગ્રામ પંચાયત સ્તરે સરકારી મંજુરીથી ચાલતા સામાન્ય સેવા કેન્દ્રો (સી.એસ.સી.)

(૫) ઇ-કોમર્સ, જરુરી પરવાનગીઓ સાથે ઇ-કોમર્સ ઓપરેટરોના વાહનોને અવર-જવર માટે છુટ

(૬) કુરીયર સેવાઓ.

(૭) બંદરો, હવાઇ મથકો, રેલ્વે સ્ટેશનો, કન્ટેનર ડેપો, વ્યક્તિગત એકમો અને લોજીસ્ટીક ચેઇનમાંની અન્ય લિંક ખાતેની, કોલ્ડ સ્ટોરેજ અને વેર હાઉસીંગ ની સેવાઓ.

(૮) કચેરી અને રહેણાંકના સંકુલોની નિભાવણી અને સારી હાલતમાં રાખવા માટે ખાનગી સિક્યોરીટી સેવાઓ અને સુવિધા મેનેજમેન્ટ સેવાઓ.

(૯) પ્રવાસીઓ અને લોકડાઉનના કારણે ફસાયેલા વ્યક્તિઓને રહેવાની સગવડ આપતી હોટલો, હોમ સ્ટે, લોજ અને મોટેલો, મેડીકલ (તબીબી) અને આપાત કાલીન સ્ટાફ, હવાઇ અને સમુદ્રી ક્રુ (સભ્યો)

(૧૦) કવોરન્ટીન સગવડો માટે ઉપયોગ કરવાના/નિયત કરેલી સંસ્થાઓ.

(૧૧) ઇલેકટ્રીશીયન, આઇ.ટી.રીપેરીંગ વાળા, પ્લમ્બરો, મોટર મીકેનીક અને સુથારો જેવી સેવાઓ પુડી પાડતા સ્વરોજગારી વાળા વ્યક્તિઓ.

**૧૧. નીચે મુજબની ઔદ્યોગિક સંસ્થાઓ (સરકારી અને ખાનગી બંને) ને છુટ રહેશે.**

(૧) મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઓ (નગર પાલિકા) ની હદોની બહાર, ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરતા ઉદ્યોગો.

(૨) સ્પેશીયલ ઇકોનોમિક ઝોન (SEZ) અને એક્ષપર્ટ ઓરીએન્ટેડ યુનિટ (EOU) ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને ઔદ્યોગિક ટાઉનશીપ (GIDC) માં નિયંત્રણ ધરાવતી મેન્યુફેકચરીંગ (ઉત્પાદન) અને અન્ય ઔદ્યોગિક સંસ્થાઓ. સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોટોકોલનું પાલન કરીને આ સંસ્થાઓ શકય હોય ત્યાં સુધી તેઓની જગ્યાએ અને નજીકના મકાનોમાં, કામદારોને રહેવાની વ્યવસ્થા કરશે. કામે રાખનારાએ કામદારોની કામના સ્થળ સુધી અવર-જવર માટે સામાજીક અંતરની ખાતરી કરીને યોગ્ય વાહનની વ્યવસ્થા કરવી.

(૩) દવાઓ, ફાર્માસ્યુટીકલ્સ, મેડીકલ ઉપકરણો તથા તેનો કાચો માલ અને વચ્ચેની વસ્તુઓ સહિતની આવશ્યક ચીજ વસ્તુઓના મેન્યુફેકચરીંગ એકમો.

(૪) મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલીટીઓ (નગરપાલિકા) ની હદોની બહાર, ગ્રામ્ય વિસ્તારમાં ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગો.

(૫) જેને સતત પ્રકીયા અને તેઓની સપ્લાય ચેનની જરૂર હોય તેવા ઉત્પાદન એકમો.

(૬) આઇ.ટી.હાર્ડવેરનું મેન્યુફેકચરીંગ

(૭) કોલસાનું ઉત્પાદન, ખાણ અને ખનીજનું ઉત્પાદન, તેનુ પરીવહન, સ્ફોટક પદાર્થોનો પુરવઠો અને ખનીજનાં કામકાજને લગતી પ્રવૃતિઓ.

(૮) પેકેજીંગ માલ-સામાન મેન્યુફેકચરીંગના એકમો.

(૯) શિફ્ટ ડ્યુટી અને સામાજીક અંતર સાથેના શણ ઉદ્યોગો.

(૧૦) ઓઇલ અને ગેસ એકસ્પલોરેશન/રીફાઇનરી.

(૧૧) મ્યુનિસિપલ કોર્પોરેશનનો અને મ્યુનિસિપાલિટીઓ (નગર પાલિકા) ની હદોની બહાર, ગ્રામ્ય વિસ્તારમાં ઇંટોની ભઠ્ઠિઓ.

**૧૨. નીચે જણાવેલ બાંધકામની પ્રવૃતિઓને છુટ રહેશે.**

(૧) મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઓ (નગરપાલીકા) ની હદોની બહાર, ગ્રામ્ય વિસ્તારમાં MSME સહિત રોડનું બાંધકામ, સિંચાઇના પ્રોજેકટો, મકાનોનું બાંધકામ અને ઔદ્યોગિક પ્રોજેકટો અને ઔદ્યોગિક એસ્ટેટમાં તમામ પ્રકારના પ્રોજેકટો.

(૨) રીન્યુએબલ એનર્જી પ્રોજેકટસનું બાંધકામ

(૩) મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઓ (નગર પાલિકા) ની હદોમાં બાંધકામના ચાલુ પ્રોજેકટો, જયાં સ્થળ પર કામદારો હાજર હોય અને બહારથી કોઇ કામદારો લાવવાની જરૂર ન હોય (મુળ સ્થાન પરના બાંધકામ)

**૧૩. નીચેના કિસ્સામાં વ્યક્તિઓને અવર-જવરની છુટ.**

(૧) મેડીકલ અને વેટરનરી કેર (પશુ આરોગ્ય સંભાળ) સહિતની આપાત કાલીન સેવાઓ અને આવશ્યક ચીજ વસ્તુઓ મેળવવા માટે ખાનગી વાહનો, ચાર પૈડાવાળા વાહનોના કિસ્સામાં ખાનગી વાહનનાં ડ્રાઇવર ઉપરાંત પાછળની સીટમાં એક મુસાફર સાથે પરવાનગી મળી શકે છે. ટુ વ્હીલર વાહનોનાં કિસ્સામાં વાહનોના ડ્રાઇવરને જ છુટ આપવામાં આવશે.

(૨) રાજય/સંઘ રાજય ક્ષેત્રનાં સત્તા મંડળની સૂચના મુજબ મુક્તિ આપેલી કક્ષામાં કામના સ્થળે જતા અને પાછા ફરતા તમામ કર્મચારી વર્ગ.

**૧૪. નીચે જણાવ્યા મુજબની ભારત સરકારની કચેરીઓ, તેની સ્વાયત/તાબાની કચેરીઓ ખુલ્લી રહેશે.**

(૧) સંરક્ષણ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, આપત્તિ વ્યવસ્થાપન અને અગાઉથી ચેતવણી આપતી એજન્સી IMD, INCOIS, SASE અને નેશનલ સેન્ટર ઓફ સિસ્મોલોજી (CWC), નેશનલ ઇન્ફોર્મેટીક સેન્ટર(NIC), ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા(FCI), એન.સી.સી., નેહરુ યુવા કેન્દ્ર અને કસ્ટમ્સ વિભાગ કોઇપણ નિયંત્રણ વિના કાર્ય કરશે.

(૨) અન્ય મંત્રાલયો, વિભાગો અને તેમના નિયંત્રણ હેઠળની કચેરીઓ, નાયબ સચિવ અને તેની ઉપરની તમામ કક્ષાના અધિકારીઓની ૧૦૦ ટકા હાજરીથી કાર્ય કરશે, બાકીના અધિકારીઓ, કર્મચારી વર્ગને જરુરીયાત મુજબ ૩૩ ટકા સુધીની સંખ્યામાં ઉપસ્થિત થવાનું રહેશે.

**૧૫. રાજય/સંઘ રાજય ક્ષેત્રની સરકારોની કચેરીઓ તેની સ્વાયત સંસ્થાઓ અને સ્થાનિક સરકારો નીચે જણાવ્યા મુજબ ખુલ્લી રહેશે.**

(૧) પોલીસ, હોમગાર્ડ, નાગરિક સંરક્ષણ, અગ્નિશમન અને તાત્કાલીક સેવાઓ, આપતિ વ્યવસ્થાપન, જેલ અને મ્યુનિસિપલ સેવાઓ કોઇ નિયંત્રણો વિના કાર્ય કરશે.

(૨) રાજય/સંઘ રાજય ક્ષેત્રની સરકારોના તમામ બીજા વિભાગો નિયંત્રિત સ્ટાફ સાથે કાર્ય કરશે. ગ્રુપ એ અને બી ના અધિકારી જરુરીયાત મુજબ ઉપસ્થિત રહી શકશે. ગ્રુપ સી અને તેની નીચેની કક્ષાના કર્મચારીઓ કુલ સંખ્યા બળના ૩૩ ટકા સુધી જરુરીયાત મુજબ હાજર રહી શકશે જેમાં સામાજીક અંતર સુનિશ્ચિત કરવું જોઇશે.

(૩) જીલ્લા વહીવટ અને તિજોરી (એકાઉન્ટન્ટ જનરલની ક્ષેત્રિય કચેરીઓ સહિત) નિયંત્રિત સ્ટાફ સાથે કાર્ય કરશે. જાહેર સેવાઓ સુનિશ્ચિત કરવી જોઇશે અને જરૂરી સ્ટાફને આવા હેતુ માટે રાખવા જોઇશે.

(૪) વન કચેરીઓ સ્ટાફ/કામદારોને પ્રાણી સંગ્રહાલય, નર્સરી, વન્ય જીવન, જંગલમાં આગ લાગવાના બનાવો સામેની કામગીરી, છોડને પાણી પાવાની કામગીરી, પેટ્રોલીંગ અને તેની જરૂરી પરિવહનની હેરફેરનું સંચાલન કરવાનુ અને તેને નિભાવણી.

૧૬. **ફરજીયાત કવોરન્ટાઇન હેઠળ રાખવાની નીચે મુજબની વ્યક્તિઓ:**

(૧) સ્થાનિક આરોગ્ય સત્તાધિકારીઓ ધ્વારા નકકી કર્યા મુજબની મુદત સુધી કડક ઘર/સંસ્થાકીય કવોરન્ટાઇન હેઠળ તમામને રાખવા માટે આરોગ્ય વિષયક સાર-સંભાળ કરનારા કર્મચારી વર્ગ દ્વારા ફરમાવવામાં આવી હોય તેવી તમામ વ્યક્તિઓ.

(૨) કવોરન્ટાઇનનું ઉલ્લંઘન કરતી વ્યક્તિઓ સામે આઇ.પી.સી.૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ કાનુની પગલા લેવામાં આવશે.

(૩) તા.૧૫/૦૨/૨૦૨૦ પછી ભારતમાં આવેલી હોય અને કવોરન્ટાઇન મુદત પુરી થયા પછી કોવીડ-૧૯ નેગેટીવ મુજબનું પરીક્ષણ થયા પછી તેવી કવોરન્ટાઇન વ્યક્તિઓને MHA ધ્વારા બહાર પાડવામાં આવેલ SOP માં ઠરાવેલ પ્રોટોકોલ અનુસરીને મુકત કરવામાં આવશે.

૧૭. ઉપર દર્શાવ્યા મુજબના લોકડાઉનના પગલાંને લાગુ કરવા અંગેની સૂચનાઓ.

(૧) તમામ ઉદ્યોગો અને વાણિજ્યિક એકમોએ કામના સ્થળે તેમજ ઓફિસો વિગેરેને કાર્યરત કરતા પહેલાં આમુખ-૧ માં ઉલ્લેખેલ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૨૦ ના હુકમ સામે પરિશિષ્ટ-૧ તથા ૨ મુજબની તમામ વ્યવસ્થાઓ/કાર્યરીતી અપનાવાની રહેશે.

ખાસ નોંધ:-

૧. કોઇ અર્થઘટન બાબતે વિસંગતતા જણાય તો આમુખ-૧ માં દર્શાવેલ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૨૦ ના મુળ અંગ્રેજી જાહેરનામા મુજબ અર્થઘટન કરવાનુ રહેશે.

૨. સદર જાહેરનામામાં દર્શાવેલ વિષય સંબંધિત કોઇપણ પ્રશ્ન કે સમસ્યા ઉપસ્થિત થાય તો એનેક્ષરમાં જણાવેલ સંબંધિત જે તે વિભાગ/કચેરીનો સંપર્ક સાધવાનો રહેશે.

૩. તમામ ઔદ્યોગિક અને વાણિજ્યીક સંસ્થાઓ, કામના સ્થળો, કચેરીઓ વગેરેમાં તેમની કામગીરી શરૂ કરતાં પહેલાં એનેક્ષર-૨ માંની SOP ના અમલીકરણ માટે વ્યવસ્થા ગોઠવવી જોઇશે.

૪. આવા નિયંત્રિત કરેલ પગલાંનો અમલ ઇન્સિડન્ટ કમાન્ડર કરશે. ઇન્સિડન્ટ કમાન્ડર તેમની સબંધિત હકુમતોમાં આ પગલાંના સમગ્ર અમલીકરણ માટે જવાબદાર રહેશે. નિર્દીષ્ટ કરેલા વિસ્તારમાં બીજા તમામ વિભાગના અધિકારીઓ આવા ઇન્સિડન્ટ કમાન્ડરના આદેશો મુજબ કાર્ય કરશે. ઇન્સિડન્ટ કમાન્ડર આવશ્યક હેરફેરને શકય બનાવવા માટે પાસ કાઢી આપશે.

// શરતો //

(૧) સદરહુ જાહેરનામામાં દર્શાવેલ તેમજ રાજ્ય સરકાર/કેન્દ્ર સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવનાર તમામ પ્રકારની માર્ગદર્શિકા તથા તમામ શરતોનુ પાલન કરવાની જવાબદારી જે તે એકમ/સંસ્થાના માલિકની રહેશે.

(૨) હોટસ્પોટ અને કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં જ ઉક્ત છૂટછાટ લાગુ પડશે.

(3) COVID 19 ની પરિસ્થિતિ સંદર્ભે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જિલ્લા કલેક્ટરશ્રી પોલીસ અધિક્ષકશ્રી તેમજ અન્ય સંલગ્ન સરકારશ્રીના સક્ષમ અધિકારી/સંબંધિત વિભાગ દ્વારા જે કોઇ માર્ગદર્શિકાઓ કે સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે તે તમામ માર્ગદર્શિકા/શરતો/સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૪) હોટસ્પોટ અને કન્ટેનમેન્ટ જાહેર થયેલા કોઇપણ વિસ્તારનો કર્મચારી-શ્રમિક-અધિકારી કામ પર ન આવે તેની જવાબદારી જે તે એકમ / સંસ્થાની રહેશે. તથા આ વિસ્તારમાંથી કોઇ પણ પ્રકારનું પરિવહન કરી શકાશે નહીં.

(૫) ભવિષ્યમાં નવો કોઇ વિસ્તાર હોટસ્પોટ, કન્ટેનમેન્ટ એરીયા તરીકે જાહેર થશે તો તે વિસ્તાર માટે આ છુટછાટો તાત્કાલિક અસરથી નાબુદ થયેલી ગણાશે.

આમુખ (૧) માં ઉલ્લેખેલ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમ તા.૧૫/૦૪/૨૦૨૦ અંતર્ગત COVID 19 ના વ્યવસ્થાપન માટેની રાષ્ટ્રીય માર્ગદર્શિકા

રાષ્ટ્રીય માર્ગદર્શિકાનો અમલ, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ માં ઠરાવ્યા મુજબ દંડ અને શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર રહેશે.

*જાહેર જગ્યાઓ*

(૧) તમામ જાહેર સ્થળો, કામના સ્થળોએ મોઁઢા ઉપર માસ્ક અથવા કાપડ રાખવું ફરજિયાત રહેશે.

(૨) જાહેર સ્થળો, કામના સ્થળો અને પરિવહનનો હવાલો ધરાવતી તમામ વ્યક્તિઓએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ સામાજિક અંતર સુનિશ્ચિત કરવું જોઇશે.

(૩) જાહેર ક્ષેત્રની કોઇ પણ સંસ્થા/મેનેજરે ૫ (પાંચ) અથવા વધારે વ્યક્તિઓના એકત્ર થવાની પરવાનગી આપવી જોઇશે નહીં.

(૪) અંતિમ યાત્રાના પ્રસંગે ૨૦ (વીસ) થી વધુ વ્યકિતઓ હોવા જોઇશે નહીં.

(૫) જાહેર જગ્યાઓ ઉપર થુંકવા બદલ દંડની શિક્ષા કરવામાં આવશે.

(૬) દારૂ, ગુટખા, તમાકુ વગેરેના વેચાણ ઉપર કડક પ્રતિબંધ રહેશે.

*કામની જગ્યાઓ*

(૭) તમામ કામની જગ્યાઓ ઉપર તાપમાનના સ્ક્રીનીંગ માટે પુરતી વ્યવસ્થાઓ હોવી જોઇશે અને અનુકુળ સ્થળોએ સેનેટાઇઝર પુરા પાડવા જોઇશે.

(૮) કામની જગ્યાઓ ઉપર બે પાળી વચ્ચે એક કલાકનું અંતર હોવું જોઇશે અને સામાજિક અંતર સુનિશ્ચિત થાય તે રીતે સ્ટાફનો લંચ બ્રેક ગોઠવવો જોઇશે.

(૯) ૬૫ વર્ષથી ઉપરની વયની વ્યક્તિઓ અને રોગીષ્ટ મનોવૃતિ ધરાવતી કામ કરતી વ્યક્તિઓ અને ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના માતાપિતાને ઘરેથી કામ કરવા માટે પ્રોત્સાહન આપી શકાશે.

(૧૦) ખાનગી અને જાહેર ક્ષેત્રના તમામ કર્મચારીઓને આરોગ્ય સેતુ એપના ઉપયોગનું પ્રોત્સાહન આપવું જોઇશે.

(૧૧) તમામ સંસ્થાઓ બે પાળીઓ વચ્ચે તેમની કામગીરીના સ્થળોને સેનીટાઇઝ કરવા જોઇશે.

(૧૨) મોટી બેઠકો ઉપર નિયંત્રણ લાદવામાં આવશે.

*ઉત્પાદન સંસ્થાઓ*

(૧૩) કોમન સરફેસની વારંવાર સફાઇ કરવાની રહેશે. અને ફરજિયાતપણે હાથ ધોવાના રહેશે.

(૧૪) બે પાળી વચ્ચેના સમય તેમજ કેન્ટીનમાં લંચની બેઠક કે ગોઠવણમાં સોશ્યલ ડીસ્ટન્સ સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૫) રોગ પ્રતિકારક શકિત સંબંધે સઘન સંદેશા વ્યવહાર અને તાલીમ હાથ ધરવી જોઇશે.

તમામ કચેરીઓ, કારખાના અને અન્ય સંસ્થાઓ દ્વારા નીચેના પગલાનું અમલીકરણ કરવું જોઇશે.

(૧) નીચેની જગ્યાઓ સહિતની ગીચ જગ્યાઓમાં તમામ વિસ્તારના વપરાશકારને અનુકુળ જંતુરહીત માધ્યમનો ઉપયોગ કરીને સંપુર્ણપણે જંતુરહીત બનાવવાના રહેશે.

ક. મકાન / કચેરી વગેરેના પ્રવેશદ્વાર

ખ. કેફેટેરીયા અને કેન્ટીન (ઉપહારગૃહ)

ગ. બેઠક યોજવાનો ખંડ, કોન્ફરન્સ હોલ/ખુલ્લી જગ્યાઓ, વરંડા, જગ્યાના પ્રવેશ ધ્વાર, બંકર, પોર્ટા કેબીન, મકાન વગેરે.

ઘ. સાધન સામગ્રી અને લીફ્ટ

ચ. વોશરૂમ, શૌચાલય શિંક, પાણી પીવાના સ્થળો વિગેરે.

છ. દિવાલો/બીજી તમામ સપાટીઓ

(૨) બહારથી કામ માટે આવતા કામદારો માટે ખાસ પરિવહનની સુવિધા, જાહેર પરિવહનની વ્યવસ્થા ઉપર કોઇપણ પ્રકારનું અવલંબન રાખ્યા વિના ગોઠવવી જોઇશે. આ વાહનોને માત્ર ૩૦ થી ૪૦ ટકા મુસાફરોની ક્ષમતા સાથે ચલાવવાના/હંકારવાના રહેશે.

પરિવહન દરમ્યાન સોશ્યલ ડીસ્ટન્સીંગની સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા અનુસરવાની રહેશે. ઉપયોગમાં લેવામાં આવનાર વાહન પણ વાઇરસ સંક્રમણનું વાહક ન બને તેની સંપુર્ણ તકેદારી લેવાની રહેશે.

(૩) એકમોમાં પ્રવેશતા તમામ વાહનો અને સાધન સામગ્રીને ફરજીયાત પણે સ્પ્રેનો છંટકાવ કરીને જંતુ રહીત કરવી જોઇશે.

(૪) કામના સ્થળોમાં પ્રવેશ કરતી અને કામનું સ્થળ છોડતી દરેક વ્યક્તિનું ફરજીયાત થર્મલ સ્કેનિંગ કરવું.

(૫) કામદારો માટેના આરોગ્ય વીમો ફરજીયાત બનાવવાનો રહેશે.

(૬) તમામ એકમોમાં અંદર પ્રવેશવાના અને બહાર નીકળવાના સ્થળોએ અને સામાન્ય વિસ્તારોમાં હેન્ડ વોશ અને ટચ ફ્રી મિકેનીઝમને અગ્રીમતા આપીને સેનિટાઇઝર માટેની જોગવાઇ કરવી જોઇશે. તમામ ચીજોનો પરુતો જથ્થો ઉપલબ્ધ કરવો જોઇશે.

(૭) કામના સ્થળોએ પાળીઓ વચ્ચે એક કલાકનું અંતર હોવુ જોઇશે અને સામાજીક અંતર સુનિશ્ચિત કરવા માટે સ્ટાફનો લંચ બ્રેક એ રીતે ગોઠવવો જોઇશે.

(૮) ૧૦ અથવા વધુ વ્યક્તિઓનો મોટો જમાવડો અથવા તેમની બેઠકને પ્રોત્સાહન આપવુ જોઇશે નહીં. નોકરીના સ્થળો પર અને જમાવડા, બેઠકો અને તાલીમ સત્રોમાં બેઠકની વ્યવસ્થા એક વ્યક્તિ બીજી વ્યક્તિથી ૬ ફુટનાં અંતરે રહે તેવી રીતે ગોઠવવી જોઇશે.

(૯) લીફ્ટ અથવા હોઇસ્ટમાં ૨/૪ વ્યક્તિઓ કરતા વધુ વ્યક્તિઓ (લીફ્ટનાં કદને આધારિત) અવર-જવર કરવાની પરવાનગી આપવી જોઇશે નહીં.

(૧૦) ચડવા માટે દાદરા (સીડી) ના ઉપયોગને પ્રોત્સાહન આપવુ જોઇશે.

(૧૧) ગુટખા, તમાકુ વગેરે પર કડકાઇથી પ્રતિબંધ હોવો જોઇશે અને થુંકવા પર કડકાઇથી પ્રતિબંધ લાદવામાં આવશે.

(૧૨) એકમો ખાતે જેની જરુર ન હોય તેવા બિન આવશ્યક મુલાકાતીઓ પર સમગ્રતઃ પ્રતિબંધ હોવો જોઇશે.

(૧૩) કોવીડ-૧૯ ના દર્દીઓની સારવાર કરવા માટે અધિકૃત કર્યા હોય તેવા નજીકનાં વિસ્તારોમાંની હોસ્પિટલ/દવાખાનાને મુકરર કરવા જોઇશે અને તમામ વખતે કામના સ્થળે તેની યાદી ઉપલબ્ધ કરવી જોઇશે.

(૧૪) બસમાં કેપેસીટી મુજબ ૫૦ ટકાથી વધુ કામદારો લઇ જવા નહીં.

(૧૫) ચઢતી/ઉતરતી વખતે SOCIAL DISTANCING ની અમલવારી.

(૧૬) કંપની/એકમ/સંસ્થાના સંચાલકો અથવા તો સંબંધિત જવાબદાર વ્યક્તિએ તેઓના ધંધાના સ્થળે આવવા-જવા માટે વાહનનો ઉપયોગ કરવો આવશ્યક જણાય તો આ અંગે તેઓએ જરુરી સાધનિક દસ્તાવેજી આધાર-પુરાવા સહ ઓન લાઇન અરજી કરી વાહન પરમીટ મેળવવાની રહેશે. ટુ વ્હીલર વાહનોનો ઉપયોગ કોઇપણ સંજોગોમાં કરી શકાશે નહીં.

(૧૭) તમામ કચેરીઓ, કામના સ્થળો, કારખાના, કંપની, એકમ અને અન્ય સંસ્થાઓએ બહારથી કામ માટે આવતા કામદારો માટે ખાસ પરીવહન-વાહનોનો ઉપયોગ કરવાના પ્રસંગે.

૧. સંબંધિત કામદારો/કર્મચારીઓને તેઓના નિવાસસ્થાનેથી પીકઅપ/ડ્રોપ કરવાના રહેશે.

૨. કામદારો/કર્મચારીઓને એકમના સ્થળે લઇ જવા માટે ભીડ એકઠી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે તથા સોશીયલ ડીસ્ટન્સીંગની ગાઇડલાઇનનું પાલન કરવાનું રહેશે.

૩. ઉપયોગમાં લેવાનાર વાહન અંગેની જરૂરી પરવાનગી digitalgujarat.gov.in વેબસાઇટ પર જરુરી દસ્તાવેજી આધાર-પુરાવા સહ ઓનલાઇન અરજી કરી મેળવવાની રહેશે.

(૧૮) જાહેર પરીવહનનો ઉપયોગ કરવો પડે તો માસ્ક તથા હાથ મોજાનો ફરજીયાત ઉપયોગ કરવો.

(૧૯) કંપની એકમના કોમન યુઝ એરીયાને દરેક શીફ્ટ બાદ સેનેટાઇઝ/ડીકન્ટામીનેશન કરવાના રહેશે.

(૨૦) આમુખ-૫ માં દર્શાવેલ ઉદ્યોગ અને ખાણ વિભાગનાં તા.૧૯/૦૪/૨૦૨૦ ના પત્રમાં જણાવેલ વિગતે,

૧. શકય હોય ત્યાં સુધી ઔદ્યોગિક એકમોના કામદારોને ફેકટરી પ્રિમાઇસીસ માંજ રહેવાની વ્યવસ્થા અને બને એટલી ઓછી અવર-જવર થાય તેની તકેદારી રાખવાની રહેશે.

૨. શહેરી વિસ્તારમાં નિર્માણ હેઠળના બાંધકામ પ્રોજેકટસ પણ કામદારો શ્રમિકોની તે પ્રોજેકટ સ્થળે રહેવાની વ્યવસ્થા સાથે ચાલુ રાખી શકશે.

૩. રોજગાર આપનાર માલિકે કામદારો માટે સોશીયલ ડીસ્ટન્સીંગ જાળવવા સાથે સરકારની ગાઇડ લાઇન મુજબ જાહેરનામામાં દર્શાવ્યા મુજબની વ્યવસ્થાઓ કરવાની રહેશે.

૪. ભારત સરકારનાં ગૃહ મંત્રાલયના તા.૧૯/૦૪/૨૦૨૦ નાં હુકમ નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-૧(એ) મુજબ ક્રમ નં.૧૪(૫) માં જણાવ્યા મુજબ.

E-Commerce Companies. Vehicles used by E-commerce operators will be Allowed to ply with necessary permissions. રદ કરવામાં આવશે.

આ અંગે કોઇ મંજુરીઓ આપવામાં આવેલ હોય તે તાત્કાલીક અસરથી રદ ગણવાની રહેશે.

//વિસ્તાર//

ડાંગ જીલ્લાનો સમગ્ર વિસ્તાર

//અમલવારીનો સમય//

આ જાહેરનામું તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

//અમલવારીની જવાબદારી//

સદર જાહેરનામાંમા ઉલ્લેખેલ તમામ બાબતો/માર્ગદર્શીકા/શરતોનું પાલન કરવાની જવાબદારી જે તે એકમ/સંસ્થાના માલિક/સંચાલક/જવાબદાર ઇસમની તેમજ કંપની, પેઢી-ભાગીદારી પેઢી વિગેરેના કિસ્સામાં સંબંધિત કાયદાથી નકકી થયેલ ઇસમ/ઇસમોની રહેશે.

//અપવાદ//

આ હુકમ સરકારી ફરજ ઉપરના અથવા રોજગારીમાં હોય તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ જીવન જરુરીયાતની આવશ્યક ચીજ વસ્તુઓના ધંધા/વ્યવસાયમાં સંકળાયેલા લોકોને તેમજ સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવનારને લાગુ પડશે નહીં.

// સજા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ ૫૧ થી ૬૦ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી કે અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેમજ સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સપેકટર તથા પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ ૫૧ થી ૬૦ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર, પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે જાહેરાતની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૦/૦૪/૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ * આહવા *

(એન.કે.ડામોર)
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

પ્રતિ,

વ્યવસ્થાપકશ્રી,

સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ,

વડોદરા

૨/- જાણ તથા ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

નકલ સવિનય રવાના:-

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ તરફ....જાણ તથા યોગ્ય થવા સારૂ.

નકલ રવાના :

(૧) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ.

(૨) પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ

(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા

(૪) ચીફ ઓફીસરશ્રી,નોટીફાઇડ એરીયા કચેરી,સાપુતારા જી.ડાંગ.

(૫) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

(૬) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી,આહવા જી.ડાંગ.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

(૮) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ડાંગ

(૯) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,પોલીસ સ્ટેશન,આહવા/વઘઇ/સુબીર/સાપુતારા જી.ડાંગ.

૨/- જાહેરનામાની અમલવારી કરવા તથા કચેરીના નોટીસ બોર્ડ તથા જાહેર જગ્યાઓએ બહોળી પ્રસિધ્ધિ કરી રીપોર્ટ કરવા સારૂ. (અ.નં. ૧ થી ૯)

(૧૦) રજીસ્ટ્રારશ્રી, માન. પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ તરફ... જાણ સારૂ.

(૧૨) સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, ડાંગ તરફ.

૨/-જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રોમાં આઈટમ ઓફ ન્યુઝ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૩) અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ જિલ્લા પંચાયત,આહવા જી.ડાંગ

(૧૪) સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ,આહવા જી.ડાંગ

(૧૫) અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

## એનેક્ષર - ૧

| ક્રમ | સબંધિત અધિકારીશ્રી | કચેરી નંબર | મો. નંબર |
|---|---|---|---|
| | **આરોગ્ય વિષયક સેવાઓ માટે** | | |
| ૧ | અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ-આહવા | 220345<br>220344 | 9427119204 |
| ૨ | સિવિલ સર્જનશ્રી, સીવીલ હોસ્પિટલ, ડાંગ-આહવા | 220205<br>221408 | 7435951301<br>9879036627 |
| | **ખેતી વિષયક સેવાઓ માટે** | | |
| ૧ | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ડાંગ-આહવા | 220320 | 9898696851 |
| | **પશુ વિષયક સેવાઓ માટે** | | |
| ૧ | ઈ/ચા મદદનીશ જિલ્લા પશુપાલન નિયામકશ્રી | 220375 | 9408607429 |
| | **નાણા વિષયક સેવાઓ માટે** | | |
| ૧ | લિડ બેંક મેનેજરશ્રી આહવા | | 9427477760 |
| | **સામાજિક સેવાઓ માટે** | | |
| ૧ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી આહવા | 220629 | 8866347271 |
| ૨ | ઈ/ચા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, ડાંગ જિલ્લા પંચાયત, આહવા | 220349 | 6351564221 |
| | **શૈક્ષણિક હેતુ માટે** | | |
| ૧ | જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી આહવા | 220208 | 9909970208 |
| ૨ | (ઈ/ચા)જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી આહવા | 220337 | 9909970208 |
| | **મનરેગા હેતુ માટે** | | |
| ૧ | નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આહવા | 220217 | 7567034465<br>9427054503 |
| | **પબ્લિક યુટીલિટી હેતુ માટે** | | |
| ૧ | કાર્યપાલક ઈજનેરશ્રી મા×મ (સ્ટેટ) આહવા | 220208 | 9426439165 |
| ૨ | કાર્યપાલક ઈજનેરશ્રી મા×મ (પંચાયત) આહવા | 220309 | 9409054007 |
| ૩ | જનરલ મેનેજરશ્રી બીએસએનએલ આહવા | 221060 | 9746373736 |
| ૪ | જિલ્લા પુરવઠા અધિકારીશ્રી આહવા | 220384 | 9712624231 |
| ૫ | કાર્યપાલક ઈજનેરશ્રી પાણી પુરવઠા આહવા | 220004 | 9825219032 |
| | **ટ્રાન્સપોર્ટેશન સેવા માટે** | | |
| ૧ | જનરલ મેનેજરશ્રી,જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર વલસાડ (આહવા) | 220101 | 94290092248 |

| | | | |
|---|---|---|---|
| ૨ | જનરલ મેનેજરશ્રી પોસ્ટ એન્ડ ટેલીગ્રામ વિભાગ બારડોલી | 02622-<br>220178 | |
| ૩ | ડિવીઝનલ કંટ્રોલર એસ.ટી વલસાડ | 02632-<br>227934 | 9998953091.00 |
| ૪ | ડેપો મેનેજરશ્રી એસ.ટી આહવા | 220308<br>220030 | 9427487833<br>6359918785 |
| **આવશ્યક ચીજ વસ્તુઓની સેવા માટે** | | | |
| ૧ | જિલ્લા પુરવઠા અધિકારીશ્રી આહવા | 220384 | 9712624231 |
| **જાહેર અને ખાનગી સંસ્થાઓની સેવા માટે** | | | |
| ૧ | મદદનીશ નિયામકશ્રી ખોરાક અને ઔષધ નિયંત્રકની કચેરી વલસાડ | 02632<br>249788 | 9724218988 |
| ૨ | નાયબ માહિતી નિયામકશ્રી આહવા | 220326 | 9408699136 |
| ૩ | મેનેજરશ્રી ગુજરાત પ્રવાસન નિગમ લિ.સાપુતારા | | 99978844612 |
| **ઔદ્યોગિક સંસ્થાઓની સેવા** | | | |
| ૧ | જનરલ મેનેજરશ્રી,જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર વલસાડ (આહવા) | 02632<br>244100 | 9924169379 |
| **કન્સ્ટ્રકશન (બાંધકામ) માટે** | | | |
| | કાર્યપાલક ઈજનેરશ્રી માઃમ (સ્ટેટ) આહવા | 220228 | 9426439165 |
| ૨ | કાર્યપાલક ઈજનેરશ્રી માઃમ (પંચાયત) આહવા | 220309 | 9409054007 |
| **વ્યક્તિગત કિસ્સા માટે** | | | |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી , વઘઈ | 246201<br>246888 | 9624603805 |
| ૨ | પોલીસ અધિક્ષકશ્રી, આહવા | 220219 | 9978405021 |